જળસંપત્તિ વિભાગ હેઠળ નવા ચેકડેમનાં બાંધકામની
કામગીરીની કાર્યપદ્ધતિ નક્કી કરવાની બાબત

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક: સીડીએમ/૨૦૧૩/૪૭૧૩/(૪૮)/ક-૨,
સચિવાલય., ગાંધીનગર.
તા.૨૧/૦૫/૨૦૧૪.

સંદર્ભ: ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગનાં પત્ર ક્રમાંક: સીડીએમ/૨૦૧૩/૪૭૧૩/(૪૮)/ક-૨,
તા.૦૩/૦૯/૨૦૧૩

**પુર્વભુમિકા:**

રાજ્યમાં જળસંપત્તિ વિભાગ દ્વારા સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૭૯૦૦૦ થી વધુ તેમજ અન્ય યોજનાઓ હેઠળ મળી કુલ ૯૧૯૦૦ થી વધુ ચેકડેમોના બાંધકામ થયેલ છે. તે જ રીતે વિવિધ વિભાગો દ્વારા મળી રાજ્યમાં તા.૩૧/૦૩/૨૦૧૩ સુધીમાં કુલ ૧,૫૯,૭૦૦ થી વધુ ચેકડેમો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ સઘળા ચેકડેમના કારણે રાજયના વિવિધ વિસ્તારોમાં ભુગર્ભ જળના સ્તરોમાં નોંધપાત્ર સુધારો જોવા મળેલ છે.

રાજ્યમાં ચેકડેમનાં બાંધકામ માટે હવે સારી સાઇટ ખુબ જ મર્યાદિત સંખ્યામાં મળે તેમ છે. જેથી જે કોઇ સારી સાઇટ છે ત્યાં સંપુર્ણ તાંત્રિક અભ્યાસ કર્યા બાદ ઉપલબ્ધ સ્ટાફ દ્વારા ટેન્ડર મારફત ચેકડેમ બાંધવાની કામગીરી કરવામાં આવે તો સારા અને ગુણવત્તાસભર ચેકડેમનાં બાંધકામ થાય. આથી તે પ્રમાણે અમલ કરવાનું સરકારશ્રીનાં સંદર્ભ-૧ હેઠળનાં પત્રથી નક્કી કરવામાં આવેલ છે.

ઉપર જણાવેલ સંજોગો ધ્યાને લઇ નવા ચેકડેમો બાંધવાની કામગીરી અંગેની કાર્યપદ્ધતિ નક્કી કરવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી. નવા ચેકડેમનાં બાંધકામ હાથ ધરતા પહેલા નીચે પ્રમાણેની કાર્યવાહી અનુસરવાની રહેશે.

**ઠરાવ:**

(૧) દરેક જિલ્લામાં તાલુકાવાર ચેકડેમો બાંધી શકાય તેવી સાઇટો બાયસેગની મદદથી આઇડેન્ટીફાય કરવી.

(૨) આઇડેન્ટીફાય થયેલ ચેકડેમની સાઇટ તાંત્રિક દ્રષ્ટિએ યોગ્ય છે કે નહીં? તેની સ્થળ ખરાઇ કરવી. તાલુકાવાર તાંત્રિક દ્રષ્ટિએ સારી સાઇટો અગ્રતાક્રમમાં ગોઠવવી.

(૩) વાર્ષિક બજેટ ફાળવણી પ્રમાણે નવા બાંધવાનાં થતા ચેકડેમોની જિલ્લાવાર સંખ્યા નક્કી કરવી.

(૪) બજેટનાં અનુસંધાને જિલ્લાને ફાળવેલા ચેકડેમોની દરખાસ્ત અધીક્ષક ઇજનેરશ્રી સરકારશ્રીમાં રજુ કરશે. સરકારશ્રી કક્ષાએ મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી નવા ચેકડેમો માટેની દરખાસ્ત અંગે માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ, સાથે પરામર્શ કરી વર્ષ દરમ્યાન કરવાનાં થતા ચેકડેમોની નામવાર યાદી આખરી કરશે.

(૫) ચેકડેમોની આખરી થયેલ યાદી મુજબ આગળની વહીવટી તેમજ તાંત્રિક કામગીરી ક્ષેત્રિય કક્ષાએ હાથ ધરવામાં આવશે.

(૬) જળસંપત્તિ વિભાગ દ્વારા વેબ આધારીત અને એસ.એમ.એસ. આધારીત ચેકડેમ મોનીટરીંગ સીસ્ટમને જી-સ્વાન પર www.wrd.guj.nic.in નાં નામથી મુકવામા આવેલ છે. જેમાં સરકારશ્રીનાં પત્ર ક્રમાંક: સીડીએમ/૨૦૧૩/૭૦૨૮/(૫૩)/ક-૨, તા.૩૧/૦૧/૨૦૧૪ અને તા.૨૨/૦૪/૨૦૧૪ થી જણાવ્યા મુજબ તમામ ચેકડેમ અંગેની વિગતો વિભાગીય કચેરી કક્ષાએ upload કરવાની રહેશે.

(૭) બજેટ જોગવાઇ પ્રમાણેનાં ચેકડેમો વર્ષ દરમ્યાન બાંધવામાં આવે તેનું મોનીટરીંગ અધીક્ષક ઇજનેરશ્રી કક્ષાએ કરવાનું રહેશે. દર ૧૫ દિવસે પ્રગતિ અહેવાલ સરકારશ્રીમાં રજુ કરવાનો રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમે અને તેમનાં નામે.

(કે.પી.ગાંધી)
ઉપસચિવ (જળસંચય)

નકલ સાદર રવાના પ્રતિ;

માનનીય મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,
માનનીય રાજ્યકક્ષાનાં મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,
માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ, (સૌ.અને કચ્છ વિસ્તાર),
માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ, (ગુજરાત ક્ષેત્ર),
તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી આયોગ ભવન, સેકટર-૧૦/બી, ગાંધીનગર,
સચિવશ્રી, (જ.સં.) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર,
મુખ્ય ઇજનેર (સૌ) અને અધિક સચિવશ્રી, જ. સં. પા. પુ. અને કલ્પસર વિભાગ, ગાંધીનગર,
મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી, નર્મદા, જ. સં. પા. પુ. અને કલ્પસર વિભાગ, ગાંધીનગર,
મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી, નર્મદા, જ. સં. પા. પુ. અને કલ્પસર વિભાગ, ગાંધીનગર,
મુખ્ય ઇજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રી, નર્મદા, જ. સં. પા. પુ. અને કલ્પસર વિભાગ, ગાંધીનગર,
મુખ્ય ઇજનેર (પં.,પ્લા. અને મો.) અને અધિક સચિવશ્રી, ન.,જ. સં.પા.પુ. અને કલ્પસર વિભાગ, ગાંધીનગર,
મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવશ્રી, નર્મદા, જ. સં. પા. પુ. અને કલ્પસર વિભાગ, ગાંધીનગર,
ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી (સિં.યો.), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર,
અધીક્ષક ઇજનેરશ્રી, નર્મદા, જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ, ગાંધીનગર, (તમામ) તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.
નકલ પ્રતિ નાયબ સેકશન અધિકારીશ્રી સીલેક્ટ ફાઇલ,
નકલ પ્રતિ શાખા સીલેક્ટ ફાઇલ,